## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ

ભાનુપ્રસાદ હરિશંકર પુરાણી
(૧૯૩૯) ફોન:૨૩૨ ૨૫૦૨૬

બહાદુરસિંહ જામસિંહ ગોહિલ
(૧૯૩૮)

સુશીલાબેન રસિકલાલ ચૌહાણ
(૧૯૩૯) ફોન: ૨૩૨ ૮૮૦૩૩

ચંદ્રિકાબેન લાલજીભાઈ ટાંક
(૧૯૩૮) ફોન: ૨૩૨ ૨૪૩૫૯

કુવરજીભાઈ અમરસિંહ પટેલ
(૧૯૩૫) ફોન: ૨૩૨ ૨૩૭૨૭

જયંતિભાઈ બી. ટોડીયા
(૧૯૪૧) મો. ૯૮૯૮૪૦૩૭૧૧

બાબુભાઈ અજમલભાઈ નાયી
(૧૯૬૨) મો. ૯૭૧૪૫૨૫૪૫૫

## આજે અનિષ એપાર્ટમેન્ટ સે. ૨૮માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

પ.પૂ.શ્રી રમેશભાઈ ઓઝા પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર ગાંધીનગર દ્વારા આજે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. કળિયુગના દેવ અને કષ્ટભંજન એવા હનુમાનજી અને શ્રી રામની ઉપાસના કરતા પાઠ એટલે સુંદરકાંડના પાઠ. ગાંધીનગરના સેક્ટર-૨૮માં કુસુમબેન સંભવાણીના નિવાસસ્થાને આજે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર ગાંધીનગર તરફથી સેક્ટર-૨૮ના પ્લોટ નં. ૨૮૭/૯, અનિષ એપાર્ટમેન્ટ, આરાધના સ્કૂલ પાસે કુસુમબેન સંભવાણીના નિવાસે આજે સુંદરકાંડના પાઠ સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજાશે. મહેન્દ્રભાઈ રાઠોડે સૌ ભક્તજનોને સુંદરકાંડના પાઠનો લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## રોટરી ક્લબના નવા સભ્યોનો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના નવા નિયુક્ત પદાધિકારીઓનો શપથગ્રહણ સમારંભ આગામી તા. ૭મી જુલાઈના રોજ સાંજે ૫ વાગે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારંભના મુખ્ય અતિથિ તરીકે એરફોર્સના અધિકારી એર માર્શલ એ.કે. ગોગોઈ ઉપસ્થિત રહેશે. નવનિયુક્ત પ્રમુખ સમીર ત્રિવેદી અને સેક્રેટરી મેહુલ મહેતા સાથેની ટીમ આ કાર્યક્રમમાં શપથ ગ્રહણ કરશે.

## લાયોનેસ કલબ દ્વારા બેટી બચાવો જનજાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા.૩૦

લાયોનેસ વીક ઉજવણી અંતર્ગત લાયોનેસ કલબ ગાંધીનગરે બેટી બચાવો જનજાગૃતિ અંગેતા. ૨ જુલાઈના રોજ ૪.૦૦ થી ૬.૦૦ કલાક સુધી આંબેડકર હોલ ગાંધીનગર મુકામે ગાંધીનગર જિલ્લા પંચાયત-આરોગ્ય શાખાના સૌજન્યથી આયોજન કરેલ છે. નિષ્ણાત ડૉક્ટર દ્વારા સંવાદ અને વાકાણી થિયેટર પ્રસ્તુત નાટક રજૂ થશે. તો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

નીરૂબેન મુળજીભાઈ પરમાર
(૧૯૪૭) ફોન: ૨૩૨-૨૮૦૮૯

# ગાંધીનગરમાં ઠેર ઠેર થયેલા દબાણો દૂર કરવા આદેશ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર થયેલા દબાણોને તાત્કાલિક દૂર કરવા આજે સંબિધિત કચેરીઓના અધિકારીશ્રીઓને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે આદેશ કર્યો હતો. આ દબાણ દૂર કરવાની કાર્યવાહી આગામી સોમવારના રોજથી શરૂ કરવા ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, ગાંધીનગરના વિવિધ સેકટરોમાં ઝૂંપડા બનાવી અનેક રહીશો રહે છે. તેમજ ફોરેસ્ટ અને પાટનગર યોજના વિભાગના તાબા હેઠળની જમીનમાં પણ દબાણો વધતા જાય છે. આવા દબાણમાં કટેલાક ગુનાહિત -વૃતિ સાથે સંકળાયેલા વ્યકિત કયારેક આશરો લે છે. જેથી સેકટરો અને અન્ય જગ્યાએ વધી ગયેલા દબાણ દૂર કરવાની કાર્યવાહી કડક હાથે કરવા અને ફરથી આ દબાણ ન થાય તે જેવા પણ સંબિધિત કચેરીઓના અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. તે ઉપરાંત સેકટરોની દરેક સુવિધા કેન્દ્ર બહાર સુવિધા કેન્દ્રના મુખ્ય અધિકારીશ્રી અને અન્ય કર્મચારીઓના મોબાઈલ નંબર અને કયા સમયએ તે મળી શકશે. તેવું બોર્ડ મુકવા પણ પાટનગર યોજના વિભાગ-૨ના કાર્યપાલક ઈજનેરશ્રીને સુચના આપી હતી. તે સિવાય ગાંધીનગરના મુખ્ય માર્ગ પરના ટર્નિંગ પોઈન્ટ પાસેના ડીવાઈડરના પ્લાન્ટેશનની ઉંચાઈ ઘટાડવા સંબિધિત કચેરીના અધિકારીશ્રીને સુચના આપી હતી.

વધુમાં તેઓશ્રીએ ચોમાસા દરમ્યાન દરેક તાલુકાના કન્ટ્રોલ રૂમના ફોન નંબરોની આકસ્મિક તપાસ કરવાનું પણ કહયું હતું. તે ઉપરાંત મતદાન સુધારણ કાર્યક્રમ જે શરૂ કરવામાં આવ્યો હતો. તેની તારીખ પૂર્ણ થઈ ગઈ છે. તેમ છતાં નિયમિત ચાલુ રહેતી મતદાન યાદીમાં નામ, અટક, સરનામું જેવું સુધારી આપવાની કાર્યવાહી ચાલુ છે. તેનાથી અધિકારીશ્રીઓને વાકેફ કર્યો હતો. તેમજ ચુંટણી અતર્ગત આગામી ટુંકા સમયમાં કમિટીઓની રચના કરવામાં આવનાર છે.તેની -થમિક માહિતી આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી જણાવ્યું હતું, ચોમાસા દરમ્યાન મેલેરિયા કે અન્ય રોગો ન ફેલાય તે માટે શહેરમાં ચાલતા ૧૬૨ કન્ટ્રકશન સાઈડને પત્ર લખવામાં આવ્યા છે. જેમાં રોગ ન ફેલાઈ તે માટે કઈ કઈ બાબતને ધ્યાન રાખવાની અને તેમને કરવાની જરૂરી કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા છે. તેઓશ્રીએ યુ.જી.વી.સી.એલના અધિકારીશ્રીઓને જિલ્લામાં વીજ કનેકશન મેળવવા આવેલી અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા પણ જણાવ્યું હતું. શ્રી ગાંધીએ રાજય સરકારના નવા અભિગમ ઈલેકટ્રોનિક મેનપાવર વિશેની સમજ અધિકારીશ્રીઓને આપી હતી.

નિવાસી અધિક કલેકટર શ્રી ડી.બી. મહેતાએ રાજય સરકાર દ્વારા ૧૫૦મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે રાજયભરમાં આગામી સમયમાં શરૂ થનાર સ્વામી વિવેકાનંદ યુવક મંડળની ગ્રામ્ય, તાલુકે, શહેર અને જિલ્લા કક્ષાએ કેવી રીતે રચના કરવી તે અંગેની માહિતી આપી હતી. આ બેઠકમાં ગાંધીનગરના ડીવાયએસપી શ્રી ડી.એસ.પટેલ, કલોલ -ંત અધિકારી શ્રી એચ.એન.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.જી.ત્રિવેદી સહિત જિલ્લા-તાલુકાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા શહેરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિકારીઓ તથા કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. (તસવીર : દિપક જાની)

## સમાચાર ઝલક

- તા. ૧લી જુલાઈથી બેંકો ગ્રાહકો-કર્મચારીઓને ચેકથી ચુકવણા નહી કરે.
- છત્તીસગઢમાં ૧૭ નકસલવાદીઓ ઠાર, સુરક્ષાદળની મોટી સફળતા.
- બી.એલ.એન.એલ.નો વધુ એક ધમાકો : લેન્ડલાઇન બ્રોડબેન્ડમાં પાંચ નવી ફ્લેક્ષી કોમ્બો પ્લાન.
- નેનોનો જાદુ ઓસર્યો, સાણંદ પ્રોડકશનમાં ૬૦ ટકાનો ઘટાડો.
- ઘોલેરામીયા પીડિત અને ૧ વાલીને ગુજરાતભરમાં મફત એસ.ટી. મુસાફરી.
- જે અધિકારીઓની બેદરકારીના લીધે અનાજ સડે તો તેના પગારમાંથી ભરપાઇ કરવામાં આવે, અલ્હાબાદ હાઇકોર્ટનો ચૂકાદો.
- ગુજરાતમાં ૫ લાખ ઘરમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો પહોંચશે.
- વરસાદ ન વરસે તો જમીનમાં બિયારણ બફાઇ જવાની શકયતા.
- આજથી રેલ્વેનું નવું સમયપત્રક અમલી બનશે, ૧૦૦ ટ્રેનની ઝડપ વધારાશે.
- કાલાવડમાં નસબંધી કેમ્પની ઓપરેશન સમયે મહિલાનું મોત.
- દેશમાં ૯૨ કરોડથી વધારે લોકો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે.
- રાજકોટમાં કર્મચારી સંકલન સમિતિ સફળ રેલી, ૧૩ માગણીઓ મંજૂર કરવા સરકાર પર દબાણ વધારતા કર્મચારી સંગઠન.
- કચ્છના રણમાં ભૂવા પડેલા ૨૧ માલધારીઓને બચાવાયા. જામનગર એર ફોર્સનાં હેલિકોપ્ટરની મદદથી રેસ્કયુ આયોજન.
- મયૂર રાઠોડની અંતે હત્યા, નરોડામાં રોષ.

## વિવેકાનંદ હોસ્ટેલ ખાતે નિઃશુલ્ક નવચેતના શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ઉપક્રમે ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતે આવેલી વિવેકાનંદ હોસ્ટેલમાં નિઃશુલ્ક નવચેતના શિબિર તા. ૨૫મી જૂન થી ૨૯મી જૂન દરમિયાન યોજાઈ હતી. નવચેતના શિબિરમાં બાળકોને જ્ઞાન, પ્રેમ આનંદની સાથે સાથે સરળ ધ્યાન, પ્રાણાયામ તેમજ વિવિધ રમતો શીખવવામાં આવી હતી. બાળકોએ પાંચ દિવસની નવચેતના શિબિરમાં ખૂબજ આનંદસભર રીતે ભાગ લીધો હતો.છેલ્લા દિવસે બાળકો દ્વારા ખૂબજ સુંદર અને સંસ્કાર પ્રેરક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર શિબિરમાં સુરેશભાઈ પટેલ અને હર્ષદભાઈએ સારો સહકાર આપ્યો હતો. આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના સક્રિય સભ્યો નયનાબેન વ્યાસ, મીનાબેન તથા જાગૃતિબેને પાંચ દિવસીય નવચેતના શિબિરનું સફળ સંચાલન કર્યું હતું.

## જમીન કૌભાંડમાં જક્ષી તમ્બાડના ચાર દિવસના રીમાન્ડ મંજુર

ગાંધીનગર, તા. ૩૦

બોગસ દસ્તાવેજ બનાવી ગરીબ ખેડૂતોની જમીન પચાવી પાડવાના કેસમાં ભાટના પૂર્વ સરપંચ જક્ષી ડાહ્યાભાઈ ભરવાડની સી.આઈ.ડી. ક્રાઈમે ધરપકડ કરી છે. ચીફ મેટ્રોપોલીટીન મેજીસ્ટ્રેટે આરોપીના ચાર દિવસના પોલીસ રીમાન્ડ મંજૂર કર્યા છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લાના ભાટ ગામના પૂર્વ સરપંચ જક્ષીભાઈ ડાહ્યાભાઈ ભરવાડે બોગસ દસ્તાવેજો બનાવી જિલ્લાના ગરીબ ખેડૂતોને જમીન આપી હતી. જ્યારે કોટેશ્વરમાં આવા જમીન કૌભાંડ સંદર્ભે પરષોત્તમભાઈ સી. ચીમનાણી નામના વ્યક્તિએ આરોપી વિરૂદ્ધ સી.આઈ.ડી. ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી. આ કેસ સંદર્ભે તપાસ અધિકારી પી.કે. પટેલે આરોપીની ધરપકડ કરી ચીફ મેટ્રોપોલીટીન કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે આરોપીના ચાર દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે.

## પેથાપુર બસ પેસેન્જર એસોસીએશનના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ખાતે પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશન તાજેતરમાં મીટીંગ મળી હતી. વેપારી એસોસીએશનના મંત્રીશ્રી ગોકળદાસ ઠક્કર, પ્રમુખ અસરસિંહ વાઘેલા, પૂર્વ પ્રમુખ પેથાપુર નગરપાલિકા રણજીતસિંહ વાઘેલાની ભલામણથી પેથાપુર એસ.ટી. બસ એસોસીએશનની નવેસરથી હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે કનુજી ડાભી, ઉપપ્રમુખ તરીકે રતિલાલ ઠક્કર, મંત્રી તરીકે નટુભાઈ કે. દરજી, સહમંત્રી તરીકે જયેશભાઈ ડબગર, સલાહકાર તરીકે રમેશભાઈ વાઘેલા, સંગઠન મંત્રી તરીકે મયુદ્દીન ફકીર, ખજાનચી તરીકે કિરીટભાઈ ખત્રી તથા પાંચ કારોબારી સભ્યોની વરણી કરેલ છે.

## વિધાનસભાની ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસનું મિશન-૨૦૧૨

ગાંધીનગર, તા. ૩૦

આગામી ડીસેમ્બર-૨૦૧૨માં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થાય તે માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા ૮ તબક્કાવારવાળો માઈક્રોબુથ મેનેજમેન્ટ પ્રોગ્રામ આપવામાં આવ્યો છે તેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકી ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક માટે સમાવિષ્ટ ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના બે તબક્કાની કામગીરી પૂર્ણ કરી ગાંધીનગર શહેરના વોર્ડ પ્રભારીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા પંચાયત બેઠકના પ્રભારીઓ તેમજ પેથાપુર શહેરના પ્રભારીઓની નિમણુંકો કરી દેવામાં આવી છે.

જેમાં જે તે પ્રભારી દ્વારા સેક્ટર/તાલુકા પંચાયત બેઠક/ નગરપાલિકા વોર્ડ પ્રભારીઓની બીજા તબક્કાની કામગીરી પૂર્ણ કરી ત્રીજા તબક્કાની કામગીરી શરૂ કરવા માટે તારીખ ૨૮-૬-૨૦૧૨ના રોજ ઉક્ત વિધાનસભા બેઠકના પ્રભારીઓની તાકીદે બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા, શહેર પ્રમુખ મુકેશ પટેલ, તાલુકા પ્રમુખ બાબુજી ઠાકોર, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન દિલીપભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં નક્કી થયા પ્રમાણે જે તે વોર્ડ/ જિલ્લા પંચાયત બેઠક/નગરપાલિકા વિસ્તારના જે તે બુથના પ્રભારીઓની ૧૦ દિવસમાં નિમણુંકો કરવાની કામગીરી પૂર્ણ કરી જે તે વિસ્તારમાં બુથ પ્રભારીઓની બેઠકો યોજવા જણાવાયું છે. જેના ભાગરૂપે ગઈકાલે તારીખ ૨૯-૬-૨૦૧૨ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે વોર્ડ નંબર-૧૦ના બુથ પ્રભારીઓની બેઠક વોર્ડ નંબર ૧૦ના પ્રભારી શ્રી મગનભાઈ પરમારના નિવાસસ્થાને યોજાઈ હતી. જેમાં બુથ પ્રભારીઓ સર્વશ્રી હીરાલાલ મહેરીયા, રતિલાલ શ્રીમાળી, મનોજભાઈ સોલંકી, મોહનભાઈ વણકર, નરસિંહભાઈ પરમાર, નિમીષાબેન ચૌહાણ, કે.ટી. રાઠોડ, જેન્યુલ સૈયદ વગેરે આગેવાનો ઉપસ્થિત રહી સોંપેલી કામગીરી તાકીદે પૂર્ણ કરવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ઉક્ત બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી નીશિત વ્યાસ, વિધાનસભા બેઠકના પ્રભારી શ્રી સુર્યસિંહજી ડાભી, વોર્ડ પ્રભારી મગનભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત પ્રવાસન નિગમના બે કર્મચારીઓનો વયનિવૃત્તિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર ખાતેની કચેરીમાં ફરજ બજાવતા અને પ્રવાસન નિગમ કર્મચારી મંડળના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ કર્મચારી ધિરાણ મંડળીના વાઈસ ચેરમેન તરીકે રહી ચૂકેલા સિનિયર મદદનીશ જે.પી. નાયક ૩૦મી જૂન ૨૦૧૨ના રોજ નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

નિગમના અધિકારીઓ તથા કર્મચારીગણે જે.પી. નાયક તથા આર.ડી. ચૌહાણને નિગમના મેનેજર બી.ડી. મડિયાએ શાલ ઓઢાડીને તેમની સેવાઓને બિરદાવી હતી. સૌ સહકર્મચારીગણે નિવૃત્તિ બાદ તેઓનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેવી શુભેચ્છાઓ અને શુભકામનાઓ આપી હતી.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની રજીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠક તા. ૨જી જુલાઈ ૨૦૧૨ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં જનતાને મુંઝવતા પ્રાણ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. સમગ્ર બેઠકમાં કારોબારી સભ્યોને અચૂક ઉપસ્થિત રહેવા માટે, સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' એ ખાસ અનુરોધ કર્યો છે.

### બેઠક તોફાની બની

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાન્ય સભા જેવી મહત્વની બેઠકમાં ગેરહાજર રહેવા માટે આ અધિકારીઓનો ખુલાસો માંગવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજની આ સભામાં કોંગ્રેસના અગ્રણીઓ અને બે પૂર્વ પ્રમુખો ડૉ.કૌશિક શાહ ત્થા ધુળાજી ઠાકોરે તેમજ ભાજપાના શ્રી બાબુભાઈએ આક્રમક રૂખ અખત્યાર કર્યું હતું.

તંત્રને જે વિકાસના કામો સૂચવવામાં આવ્યા છે તેના અમલીકરણમાં પણ જે નિષ્ક્રીયતા દાખવવામાં આવી રહી છે તેને લઈ બંને પક્ષના સભ્યોએ ભારે રોષની લાગણી વ્યકત કરી હતી. સભ્યોએ બે વર્ષથી સૂચવાયેલા કામોમાં પ્રગતિ થઈ નહિ હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતાં.

આજની બેઠકમાં એક સપ્તાહમાં બે વાર સામાન્ય સભાઓ યોજવાની વાત પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો અને આ તંત્રની નિષ્ક્રીયતાનો ઉત્તમ પુરાવો હોવાની લાગણી સભ્યોએ વ્યકત કરી હતી. કારોબારી સમિતિની રચનાનો મુદ્દો આજની સભાના એજન્ડામાં નહિ દર્શાવવામાં આવ્યો હોવાને કારણે બીજી બેઠક ખાસ સામાન્ય સભા તરીકે યોજાશે જેમાં સરકારના નાણાં અને અધિકારીઓનો સમય પણ બગડશે તેમજ સભ્યોને તેમના વિસ્તારમાંથી અહિં ખાસ બેઠકમાં હાજરી આપવા આવું પડશે જેવી વાતો પણ સભ્યોએ કરી હતી.

આજની આ સભામાં દબાણના મુદ્દે તેમજ પ્રા. શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ લગાવવાની કામગીરીને લઈ સભ્યોએ રોષની તીવ્ર લાગણી વ્યકત કરી હતી. આ ઉપરાંત કલેકટરશ્રીના બે વર્ષના જુના આદેશનું પાલન નહિ કરનારા અધિકારીઓ-કર્મચારીઓની જવાબદારી નિયત કરવા માટેની માંગ પણ કરવામાં આવી હતી.

તાલુકા પંચાયતની આજની બેઠકમાં સભ્યોનો રોષ સાતમા આસમાને જોવા મળતાં સભાગૃહમાં ઉત્તેજના સભર વાતાવરણ સતત છવાયેલું રહ્યું હતું. તંત્રને આજે સભ્યોએ આડે હાથ લીધું હતું.

હવે ૪થી જુલાઈના રોજ પુનઃ તાલુકા પંચાયતની ખાસ સામાન્યસભા મળશે જેમાં કારોબારી સમિતિની રચનાનો મુદ્દો હાથ પર લેવામાં આવનાર છે. આ માટે કોંગ્રેસ પક્ષે તેના સભ્યોને મેન્ડેટ આપી દીધો છે.

તાલુકા પંચાયતના ૩૧ સભ્યોમાં ભાજપના ૧૫ અને કોંગ્રેસના ૧૬ સભ્યો છે. કારોબારી સમિતિની રચના ૫ માસ માટે જ કરવાની થાય છે. જાન્યુઆરી માસમાં પંચાયતની મુદત પુરી થતી હોઈ ભાજપ હવે આ કારોબારી સમિતિ પર કબ્જો મેળવવા કદાચ પ્રયાસ નહિ કરે તેમ મનાઈ રહ્યું છે.

### આકરી ટીકાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજયના વિકાસને નવી ગતિ આપવામાં વધુ પૂરક બનશે એમાં કોઈ શંકા નથી.

આ સંમેલનને જિલ્લાના પ્રભારી શ્રી કે.સી. પટેલે સંબોધન કર્યું હતું. તેમણે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે યુવાનોનો દેશ છે અને આજે ભારત વિશ્વનું સૌથી વધુ યુવાધન ધરાવતુ રાષ્ટ્ર છે. આગામી દિવસોમાં ભારત મહાશક્તિ બનશે ત્યારે ગુજરાતનો યુવાન પાછળ ન રહે તે માટે અનેકવિધ કાર્યક્રમો અને યોજનાઓ આવી રહી છે તેમાં સક્રિયતાથી કામ કરવા જણાવ્યું હતું.

પ્રારંભમાં યુવા મોરચાના પ્રમુખ શ્રી ઉરેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે કાર્યક્રમને અંતે વસિમ શેખે આભારવિધિ કરી હતી. આ સંમેલનમાં ગાંધીનગર મનપાના કાઉન્સીલરો ઉપરાંત શહેર પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ, જનકભાઈ ઠક્કર, પ્રશ્નેશ પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શબ્દાવલી - ૪૭૭૪



**આડી ચાવી**

૧. સહેલું, સરળ (૩)
૩. એક જાતના શાકની શીંગો (૩)
૬. તાજમહેલ, મુગટ (૨)
૭. છોરૂ કછોરૂ થાય પણ માવતર ... ના થાય (૫)
૯. આરપાર, પાધરૂ (૪)
૧૦. એક વન્ય પ્રાણી (૨)
૧૨. સવળા, ચત્તા (૨)
૧૩. તરબોળ (૫)
૧૬. ગુહરાજ, નાવિકોનો રાજા (૩)
૧૮. ચમકીલા અબરખના કણો (૨)
૧૯. લપાટ, માર (૩)
૨૦. વિજળી (૨)
૨૨. રજવાડાને લગતુ (૪)

**ઊભી ચાવી**

૧. એક ઔષધ (૪)
૨. યાત્રા, મુસ્લિમોની તીર્થયાત્રા (૨)
૩. સુધરેલું ના હોય તેવું (૩)
૪. વાવેતર કરવું (૩)
૫. તલ્લીન (૨)
૭. અંગ તંદુરસ્ત રાખવાના દાવ (૪)
૮. ગતિ, સ્પીડ (૪)
૧૧. બારીક તપાસ, ખુલાસો (૪)
૧૨. ઘાબુ, છાપરૂં (૨)
૧૪. કચરાના કણો (૨)
૧૫. તાજા દૂધની એક વાનગી (૨)
૧૬. નશો (૨)
૧૭. ટોકણી, ... કરવી (૩)
૨૧. વિજય, જીત (૨)

### શબ્દાવલી ૪૭૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખેલદિલ (૪) નખ (૬) વાતડ (૮) જાપ (૯) નાતાલ (૧૧) બરકત (૧૩) હકુમત (૧૫) નૌકા (૧૭) કટ (૧૯) યાતના (૨૦) રાબ (૨૧) પરાળ (૨૨) પટ્ટી (૨૩) ટોક

**ઊભી ચાવી :-** (૧) ખેવના (૨) દિવાલ (૩) લત (૪) નજાકત (૫) ખપત (૭) ડબકુ (૧૦) તાડી (૧૨) રમતીયાળ (૧૩) હકાલપટ્ટી (૧૪) વિકરાલ (૧૬) વિનાશક (૧૮) ટબ